## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*જન્મે વારસાગત ચાંદીના ચમચે 'પારણાં' માંથી -*
*પ્રવેશ રાજકારણે સદા પાછલા બારણાં માંથી -*
*લે ઓવારણાં વંશીય ચમચાઓ ધારણા મુજબ*
*નિકળી જાય કલીન ચીટે તપાસના ચારણા માંથી*
*('પારણાં' - સ્પેશિયલ)*

### હાઈકુ

*નડે રાક્ષસો -*
*જન્મતાંની સાથે જ,*
*'કાના' બાબાને...*
*(કંસ - સ્વામી મામાની કળા)*

*મલાઈ મુખે!*
*છતાં ઠરે નિર્દોષ -*
*છાવરે માતા!*
*(રડે ગોપીઓ = (પ્રજા) બિચારી)*

### ચિંતન

*શુક્લ પક્ષે શીત રશ્મિર્બલી યાન્ન પ્રાધાન્યં તારકાયાસ્તુ દૃષ્ટમ્ ।*
*શક્યતા યુક્તે વિદ્યમાનો અને પિ કાન્તે ન પ્રધાન્યં યોષિતાં કાપિ દૃષ્ટમ્ ॥*

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ - 'સામાન્ય નીતિ' નો આ શ્લોક છે :

'શુક્લપક્ષ (અજવાળિયાં) માં શીતળ ચંદ્ર ખૂબ જ પ્રભાવિત - પ્રકાશિત અને બળવાન હોય છે ત્યારે આકાશમાં 'તારા' હોવા છતાં તેનું કોઈ મહત્ત્વ કે પ્રભાવ રહેતો નથી. અર્થાત ઝાંખા તારાઓ નામશેષ બની જાય છે.'

એવી રીતે શક્તિશાળી પતિ-પ્રધાન-રાજાના દરબારમાં - પ્રધાનમંડળમાં બીજા કોઈ જ મંત્રીઓનું મહત્ત્વ રહેતું નથી - ઉલટું પોતે કરેલું કાર્ય પણ પોતાના શેઠ-માલિકને નામે ચઢાવી પોતે-જાતે જ ગૌણ બની જાય છે.

### સુવિચાર

- ગતિશીલ માણસ આગળ વધે છે. જેમના કદમોમાં ગતિ છે પ્રગતિ એની પાસે સરકી આવે છે - **વજુ કોટક**
- ગત અને અનાગતની વચ્ચે સોયની અણી જેટલો વર્તમાન આપણી પાસે હોય છે - **અમૃતબિંદુ**
- સમયના હાથે વારેઘડીયે છેતરાતા આપણે ફરિયાદ કરીએ છીએ કે સમય નથી મળતો... પણ એ દોસ્ત!! સમયને કોણ મળે છે? - **એસ. ભટ્ટાચાર્ય**
- હૃદયની ખરલમાં સમતા અને સમાધાનનું ઔષધ ઘુંટી તો જો...
  દુષિત થયેલા મનને, ક્ષમાનું રસપાન કરાવી તો જો - **હૃદયસૂત્ર**
- હે માનવ વિશ્વાસ કરી લે, સમય બની સમજાવું છું,
  આ દુનિયામાં નથી કોઈ તારૂં સાથી બની સમજાવું છું - **જ્ઞાનપ્રકાશ**
- નામ ન જાનું ગાંવ કા, બિન જાને કિધર જાઉં, ચલતે ચલતે જુગ ભયો, દો કોસ પર ગાંવ - **એસ.એસ. રાહી**
- આજનું ઔષધ : આખા ધાણા ચાવીને ખાવાથી મોંમાંથી આવતી વાસ બંધ થાય છે

**(દીપક વી. આસરા)**

### બોધકથા

અભ્યાસ બાબતમાં કોઈ લાઈન લેવાની હોય, ધંધા-વેપારનું કોઈ ક્ષેત્ર નક્કી કરવાનું હોય કે રમત-ગમત કે કોઈ શોખ કેળવવો હોય ત્યારે ખૂબ ચિંતન-મનોમંથન પોતાના રસના વિષય-ફાવટ-પૂર્વાપર પરિણામો વગેરે સમગ્ર વિચાર કરી પછી જ નિર્ણય લેવો - પછી આવો નિર્ણય વારંવાર બદલવો નહીં-પુરુષાર્થ-પરિશ્રમ એક જ દિશામાં કરવાથી જ સફળતા મળે છે.

એક ખેડૂત પોતાના ખેતરમાં કૂવો ખોદતો હતો. દસબાર ફૂટ ખોદ્યો - પાણી નિકળ્યું નહીં - તેથી હતાશ થઈ વિચારમાં બેઠો હતો.

ત્યાંથી એક વૃદ્ધ અનુભવી પસાર થયો - એણે એ ખેતરમાં બીજી જગ્યાએ ખોદવા સલાહ આપી - ખેડૂતે પંદર ફીટ ખોદ્યું પાણી ન નિકળ્યું.

એક સંત પસાર થયા એણે ખોદકામના ઢગ જોયા સમજી ગયા - કહ્યું, ભાઈ તેં જુદી જુદી જગ્યા અને દિશામાં પ્રયત્ન કર્યા તેના કરતાં એક જ ધ્યેય અને લક્ષ્ય રાખ્યું હોત તો જરુર સફળતા મળી જાત. ખેડૂતને હિંમત આવી. ફરી વીસ ફૂટથી આગળ ખોદ્યું અને શ્રીકાર પાણી મળ્યું.

# રાજયમાં કાચું સોનું વરસે છે

શ્રાવણ અંતિમ ચરણમાં છે. શ્રાવણના સરવરીયાએ સમગ્ર વાતાવરણને ભર્યું ભર્યું બનાવ્યું છે. ખેડૂતોની ભાષામાં કહીએ તો છેલ્લા દસ દિવસથી આકાશમાંથી કાચુંસોનું વરસે છે. ખેતી માટે ખુબ જ ઉપયોગી વરસતાં વરસાદથી જગતનો તાત આનંદવિભોર છે. રોજ ૧૫-૨૦ કે ૩૦ મિલિમીટર પડતો વરસાદ કદાચ આંકડામાં ઓછો લાગતો હોય પરંતુ જમીનના જળસ્રોતને વધુ મજબૂત બનાવે છે અને ખેતરોમાં જાણે ટપક સિંચાઈ પદ્ધતિથી પાણી અપાતું હોય તેવો ફાયદો થઈ રહ્યો છે. ગુજરાતના સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં પ્રથમ અને બીજા તબક્કામાં વરસાદ આક્રમક રહ્યો હતો. કેટકેટલાય નુકશાન સર્જાયા હતા. પરંતુ છેલ્લા દર પંદર દિવસથી વરસતો વરસાદ સૌને માટે ઉપકારક બની રહ્યો છે અને આખું ગુજરાત લીલુછમ્મ બની રહ્યું છે.

વરસાદ વધુ પડે તો નુકશાન થાય... ઓછો પડે તો પણ નુકશાન થાય. પરંતુ ચોક્કસ સમયે ચોક્કસ માત્રામાં વરસાદ પડે ત્યારે કાચું સોનું વરસે છે તેમ કહેવાય. મૌસમનો કુલ વરસાદ ૬૦%એ પહોંચ્યો છે અને હજુ ચોમાસાના વિધિવત ૩૦ થી ૪૦ દિવસ બાકી છે. અર્થાત હવામાન વિભાગના કહેવા મુજબ આ વર્ષે ૧૦૬% વરસાદ નોંધાશે. દેશના ઉત્તર પૂર્વીય રાજયોમાં અતિવૃષ્ટિ સર્જાઈ છે. નુકશાન પારાવાર થયું છે. મૃત્યુઆંક પણ ચિંતાજનક રીતે વધતો જાય છે. આપત્તિ વ્યવસ્થાપન તંત્રની કામગીરી ચોક્કસ ચાલે છે પરંતુ અસરકારકતા સામે હજુ પ્રશ્નો એમના એમ જ છે. દેશની મુખ્ય નદીઓ અને મુખ્ય જળાશયો છલકાઈ જવાથી પીવાના પાણીની અને સિંચાઈની સમસ્યા લગભગ નહીં સર્જાય તેમ વિશ્વાસપૂર્વક કહી શકાય છે. વરસાદ આધારિત કૃષિતંત્ર હોવાથી દેશ હંમેશા વરસાદની વિગતો જાણવામાં આતુર હોય છે અને હવામાન વિભાગ તેમજ સમુહ માધ્યમો પણ વરસાદની વિગતોની છણાવટ મોખળાશથી કરે છે.

વરસાદ આપણા કૃષિપ્રધાન દેશના અર્થતંત્રનું કરોડરજ્જુ છે. એમ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી. આ ઉપરાંત માનવસંસ્કૃતિ

**તંત્રીસ્થાનેથી...**

નદી અને તળાવના કિનારે જ ઉછરી છે અને ઘડાઈ છે ને વરસાદને હંમેશા માનવજાત વ્હાલ કરે છે. જળ તત્વ માનવ જીવન માટેનો મૂળભૂત આધાર છે. પંચમહાભૂતોમાં જળતત્વનું પ્રાધાન્ય સ્વીકારાયું છે. નદી કે દરિયો જોઈને પ્રત્યેક સ્વીકારાયું છે. નદી કે દરિયો જોઈને પ્રત્યેક માનવી ભીંજાવા દોડતો હોય છે. આમ પાણી સાથેનો અનન્ય લગાવ માનવના મૂળભૂત સ્વભાવ સાથે જોડાયેલ છે. દેશમાં અને રાજયમાં ધારણા મુજબનો વરસાદ પડતાં સાર્વત્રિક ખુશીનો માહોલ સર્જાયો છે. ગુજરાતમાં મોટાભાગના તાલુકાઓમાં ૬૦%ની આસપાસ વરસાદ નોંધાતા સૌના મનમાં સંતોષનો ઓડકાર છે. એમાંથી સૌથી વધુ મહત્ત્વની વાત એ નોંધવી ઘટે છે કે હળવો વરસાદ... ઘુટો છવાયો વરસાદ... ખેતી માટે અને જળસ્તોત્રની વૃદ્ધિ માટે ખુબ જ ઉપકારક છે. ગુજરાત નશીબદાર છે કે સમયસર અને પ્રમાણસર વરસાદ વરસે છે. બીજા શબ્દોમાં કાચું સોનું વરસે છે.

# અમે કોઈ ધાર્મિક શ્રદ્ધાથી પરિક્રમાએ નીકળ્યા નથી

ચાલતાં ચાલતાં બે પરિક્રમાવાસી સંન્યાસી મળી ગયાં. મેં મહાત્માને પૂછ્યું : 'કયાંથી નીકળ્યા છો?' તો કહે 'અમરકંટક સે આઠ મહિને પહેલે નીકલે થે.' તેમની સાથે ચાલતાં ચાલતાં મેં મારી વાત પણ ચાલુ રાખી. 'અમરકંટક સે યહાં તક આયે ઉસમેં આપકો સબસે અચ્છી જગા કૌન સી લગી? ' તો કહે 'હમ તો સંન્યાસી હૈ. જહાં બેઠ જાતે હૈ વહી હમારે લિએ અચ્છી જગહ હૈ.' એ સંન્યાસીની ચાલવાની ઝડપ અમારા કરતાં વધારે હતી. એટલે 'નર્મદે હર' કરીને એ આગળ નીકળી ગયા. એમે કૃષ્ણપુરી ગામ વટાવી ભાલોદ જતા હતા. જેવા લબરમૂછિયા યુવાનોને ચાલતા જોઈ ખુશ થયા. અમને તેમની કુટિર પાસે લઈ ગયા. નાની પણ સ્વચ્છ કુટિર. આજુબાજુ નાના ફૂલછોડ વાવેલા. તેમની સાથે વાત કરતાં ખબર પડી કે બેંગ્લોર યુનિવર્સિટીમાંથી માસ્ટર ઑફ ઈકોનોમિક્સ થયેલાં. વાતવાતમાં મેં પૂછ્યું : 'આપને નર્મદા પરિક્રમા કી હૈ?' તો કહે, 'પરિક્રમા કરને વાલા તો યહાં ઐસી જગા પર કુટિયા લગા કર બૈઠ સકતા હૈ, ઔર કૌન બેઠેગા?' એક ક્ષણ માટે મનમાં વિચાર આવી ગયો. કેવું હશે એ નદીનું આકર્ષણ? એક ભણેલોગણેલો માણસ જગતનાં બધાં ભૌતિક સુખો ત્યાગી આવા એકાંતમાં એકલો એક જુદા સુખને માણી રહ્યો છે. બાબાના અવાજથી મારી વિચારમાળા તૂટી. બાબાના હાથની ચા પી ચાલવા લાગ્યા.

ધરતી પર અંધકારનું આવતરણ ઊતરવા માંડ્યું હતું અને નર્મદા પણ જાણે અંધકારના આવરણમાં અમારી જેમ વિચારની તૈયારી ન કરતી હોય તેવી લાગતી હતી. રાત ભાલોદમાં રહેવાનું નક્કી કર્યું. લોકોને પૂછતાં પૂછતાં ગામને છેવાડે આવેલી ધર્મશાળામાં પહોંચ્યા. 'નર્મદે હર'ની હાંક મારી પણ કોઈ દેખાયું નહીં. આથી અમે એક બાંકડા પર બેસી ગયા. ત્યાં એક ગ્રામવાસી ભાઈ આવ્યા. અમને કહે : 'કેમ અહીં બેઠા છો?' અમે કહ્યું. અમે વિદ્યાર્થી છીએ અને નર્મદાને વધારે નજીકથી જોવા જાણવા કિનારે કિનારે નારેશ્વરથી કબીરવટ પગપાળા જઈ રહ્યા છીએ.'



આ સાંભળી તે કહે : 'તમે તો પરિક્રમાવાસી છો. તમારા માટે હું જમવાનું મોકલાવું.'

અમે કહ્યું : 'અમે કોઈ ધાર્મિક શ્રદ્ધાથી પરિક્રમાએ નીકળ્યા નથી.'

તો કહે : 'નહીં. તમે આમ નીકળ્યા છો એ જ મોટી વાત છે.' કહીં ચાલ્યા ગયા. થોડી વારમાં ધર્મશાળાના પાછળના ભાગમાંથી એક માજી આવ્યાં. બહુ હેતથી અમને ધર્મશાળાની પડસાળમાં સૂવાની વ્યવસ્થા કરી આપી. એટલામાં એક ભાઈ અમારે ત્રણ ટિફિન લઈને આવ્યા. મેં પૂછ્યું તો કહે : 'માધવભાઈએ મોકલ્યા છે.' અમે પૈસા આપવા લાગ્યા તો કહે : 'પૈસા તો તેમણે આપી દીધા છે.'

હજારો વર્ષોથી આ પરિક્રમાઓ આવી વિરલ વ્યક્તિઓને કારણે ટકી રહી છે. આ લોકોને મન નર્મદાની પરિક્રમા કરનાર દરેક વ્યક્તિ પવિત્ર છે. આવી આતિથ્યભાવના એક દિવસ માટે હોય તો ઠીક, પણ આવા તો હજારો પરિક્રમાવાસીઓની આ જ નિષ્ઠાથી સેવા કરવી એ શક્ય નહીં તો કપરું તો છે જ. રાત્રે સૂતા હતા ત્યાંથી થોડે દૂર નર્મદા પણ શાંતિથી સૂતી હતી, જાણે અમારી એમ એને પણ ચાલી ચાલીને થાક ન લાગ્યો હોય! ઉપર આકાશમાં ચોથનો ચંદ્ર અમારી સામે મરક મરક સ્મિત રેલાવયો હતો. એ પણ આજે હોડી જેવો લાગતો હતો, જાણે હમણાં નર્મદામાં ઊતરી પાડવાનો હોય. આખા દિવસના થાકથી ઊંઘ આવી ગઈ ખબર જ ન પડી. સવાર પડતાં ફરી પાછા આશ્રમમાં માજીને 'નર્મદે હર' કરી કબીરવટ તરફ નીકળી પડ્યા...

(મિત્ર ડૉ. અજયસિંહ ચૌહાણે મોકલેલ પત્રમાંથી)

**અદબ-પલાંઠી મોં પર આંગળી**
ડૉ. સંતોષ દેવકર

*મિસરી :*

*હાથને ચીરો તો ગંગા નીકળે*
*છેવટે એ વાત અફવા નીકળે.*
*બોમ્બની માફક પડે કાયમ સવાર*
*એ જ કચ્ચરઘાણ ઘટના નીકળે.*

*- રમેશ પારેખ*

# હરિલાલ ગાંધી : બા અને બાપુના કુટુંબ જીવનની સતત દુઃખતી રહેલી રગ

કસ્તુરબાએ કુછંદે ચડેલા તેમના મોટાપુત્ર હરિલાલ ગાંધીને સમજાવવા માટે મોં તરીકે હૃદયસ્પર્શી પત્ર લખ્યો હતો. અગાઉના લેખમાં આપણે એ વાત જોઈ કે કસ્તુરબાએ ૫૦ વર્ષના પોતાના પુત્રને સરસ રીતે તેના પિતા મો.ક. ગાંધી હંમેશા ક્ષમા આપ્યા જ કરે છે પરંતુ પરમેશ્વર તારા વર્તનને સાંખી લેશે નહીં એમ ટકોર કરે છે.

'બા' એ હરિલાલને લખેલો પત્ર તરફ આપણે ફરી જઈએ. 'બા' લખે છે : તારો બાપીકો ધર્મ તેં શા કારણથી બદલી નાંખ્યો છે તે હું જાણતી નથી. એ તારી પોતાની અંગત બાબત છે. પણ હું સાંભળું છું કે તું નિર્દોષ અને અજ્ઞાન લોકોને તારે પગલે ચાલવાની સલાહ આપી રહ્યો છે. તારી મર્યાદાનું તને કયારે ભાન થશે ? ધર્મ વિશે જ્ઞાન કેટલું ? તારા બાપુજીના નામને લીધે લોકો તારાથી આડે માર્ગે ભેળવાઈ જશે. ધર્મ પ્રચાર કરવાનો તુ લાયક નથી. પૈસાનો દાસ બની ગયો છે. જે લોકો તને પૈસા આપે છે તે તને ગમે છે. પણ તું તો દારૂ પાછળ પૈસા વેડફી મારે છે અને પછી વ્યાસપીઠ પરથી ભાષણો કરે છે. તું તને અને તારા આત્માને હણી રહ્યો છે. તું આ પ્રમાણે જ કર્યા કરીશ તો વખત જતા બધા જ તારાથી દૂર ભાગશે. તેથી શાંતપણે વિચાર કરીને તને હું તારી આ મૂર્ખતા છોડી દેવા વિનંતી કરું છું. (મહાદેવભાઈની ડાયરી - પુસ્તક - ૨૧મું, નવજીવન પ્રકાશન, પૃ.૩૧૬,૧૩૭)

**કોમના નેતા તરીકે પરિવાર લાભ ઠુકરાવાના કારણે રાષ્ટ્રનો પિતા પોતાના પુત્રનો પિતા ના બની શક્યો !**

સમાજશાસ્ત્ર એમ કહે છે કે કોઈ પણ વ્યક્તિના વર્તન પાછળ મોટેભાગે સામાજિકરણ (socialization) બહુ જ મહત્વનું હોય છે. ગાંધીજીના વણિકમાંથી વૈશ્વિક બનવા બદલે કે માણસ નામે મહાત્મા બનાવવા પાછળ આ સામાજિકીરણની વ્યાપક અસર જોવા મળે છે એમ સમાજશાસ્ત્રી તરીકે ચોક્કસ કહી શકાય. પરંતુ મહાત્મા ગાંધીનું સામાજિકીરણ જો તેમના પરિવારમાં પિતા કરમચંદ ગાંધી અને માતા પૂતળીબાઈ કે ભાઈભાંડુ દ્વારા યોગ્ય રીતે થયું હોય તો જ તેઓ આટલી ઉચ્ચ કક્ષાએ પહોંચી શક્યા અને પોતાના સત્ય અને અહિંસાના વ્રતના કારણે સમગ્ર દુનિયાને અંધકારમાંથી ઉજાશ તરફ વાળવાનો પ્રયાસ કર્યો. એક દૃષ્ટિ બાપુએ આખી દુનિયાને આપી. જો એવી જ રીતે સામાજિકીકરણની આવી અસરો તેમના ખુદના પુત્ર એવા હરિલાલમાં કેમ ના થઈ? અને દારૂ નિષેધ અને 'વૈષ્ણવ જન તો તેને રે કહીએ' જેવા નરસિંહ મહેતાના ભજન પ્રત્યે અખૂટ આસ્થા ધરાવતા ખુદ મહાત્મા ગાંધીનાં પુત્ર હરિલાલ આવા કેમ બન્યા એના સવાલો સતત સામે આવે છે. આપણી લોકબોલીની કહેવત 'દીવા પાછળ અંધારું' એ મહાત્મા ગાંધી જેવા વ્યક્તિના ખોટા માર્ગે જઈ ચડેલા પુત્ર માટે હંમેશા ટાંકવામાં આવે છે.

જાણીતા સાહિત્યકાર દિનકર જોષીએ હરિલાલ ગાંધીનું આત્મકથનાત્મક પર લખ્યું છે. દિનકર જોષીએ લખેલા હરિલાલ ગાંધીના આત્મકથનાત્મક 'પ્રકાશનો પડછાયો'માં હરિલાલનું એક સરસ પ્રસંગ ચિત્રણ છે. મહાત્મા ગાંધીએ જયારે દક્ષિણ આફ્રિકામાં રંગભેદની નીતિ સામે અહિંસક આંદોલન શરૂ કર્યું ત્યારે એક સમયે ગોરી સરકારે તેમની ધરપકડ કરી હતી. આ સમયે ગાંધીના જયેષ્ઠ પુત્ર હરિલાલે બાપની ગેરહાજરીમાં લડતમાં ઝુકાવ્યું હતું અને પિતાના પગલે જ આંદોલનને જારી રાખ્યું હતું. એ સમયે આંદોલનની આગેવાની જાણે અચાનક હરિલાલના હાથમાં આવી ચડી હોઈ એવી પરિસ્થિતિ નિર્માણ પામી હતી ત્યારે હરિલાલે શાંત અને અહિંસક આંદોલનકારી તરીકે બાગડોર સંભાળી હતી. એ સમયે આંદોલનમાં જોડાયેલી હિંદી પ્રજાએ પણ 'છોટે ગાંધી ઝીંદાબાદ' ના નારા સહજપણે લગાવ્યો હતા. જેલમાંથી છૂટેલા ગાંધીએ પણ હરિલાલને આંદોલનમાં જોડાવા બદલ અભિનંદન આપ્યા હતા. પરંતુ દક્ષિણ આફ્રિકાની ધરતી પર અટકાયની પિતા જેલમાં હતા એ સમયે હરિલાલ જે રીતે 'સત્યાગ્રહી' તરીકે વર્ત્યા તેવા દિવસો લગભગ નહીંવત રહ્યા.

**ગાંધી ૧૦૦**
ડૉ. રાજેન્દ્ર જાની

'પ્રકાશના પડઢાયો'માંના હરિલાલના કથનને જોઈએ તો મહાત્મા ગાંધીએ એક મોટા વેપારીએ વિદેશમાં વકીલાતનું ભણવા માટે કોઈ પણ એક ભારતીય યુવાનને શિષ્યવૃત્તિ આપવાની ઈચ્છા દર્શાવી હતી. હરિલાલને આ રીતે શિષ્યવૃત્તિ આપવાની ઈચ્છા દર્શાવી હતી. હરિલાલને આ રીતે શિષ્યવૃત્તિ મેળવીને બાપના પગલે બેરિસ્ટર બની શકશે એવી આશા હતી. પરંતુ બાપ ગાંધીએ પોતાના પુત્રને જો આ રીતે ભણવા મોકલું તો કોમના નેતા તરીકે આડકતરો લાભ લીધો ગણાય. જાહેર જીવનમાં પોતાના પુત્ર કે અન્ય કોઈ પરિવારજનોને આવો 'લાભ' ન જ આપી શકાય એમ સ્પષ્ટ કર્યું. હરિલાલ તો ઠીક ખુદ શિષ્યવૃત્તિ જાહેર કરનાર પણ ગાંધીજી પોતાના પુત્રને વિદેશ બેરિસ્ટરનું ભણવા મોકલે એવી ઈચ્છા ધરાવતા હતા પરંતુ ગાંધીએ કોમનો આ રીતે અંગત લાબ ના લેવાય એમ કહીને હરિલાલને ભણવા ન જ મોકલ્યા. બાપનો આ નિર્ણય જ એક બાપ અને દીકરા વચ્ચેની હિમાલય જેટલી ઊંચી અને વ્યાપક કડવાશનું કારણ બની રહ્યા.

'પ્રકાશના પડછાયા' પુસ્તકમાં હરિલાલના મોંએ એક સંવાદ છે 'બાપુ, તમે એક કીડીના ભોગે અમારા કોળીયા ઝુંટવી લીધા છે.' આ પુસ્તકમાં એક પુત્ર તરીકે હરિલાલને રજૂ કરવાનો પ્રયાસ સ્તુત્ય છે. ગાંધીની ટીકા કરનારાઓ એમ પણ કહે છે 'એક રાષ્ટ્રનો પિતા (રાષ્ટ્રપિતા) બનનાર પિતા પોતાના પુત્રનો પિતા ના બની શક્યો.' - જો કે આ વાક્યમાંથી જ આપણને જવાબ જડી રહે છે 'પોતાના પુત્રને કોમના નેતા તરીકે મળતો અંગત લાભ તરછોડીને (મામકાઃ પાંડવાઃ ની મહાભારતની કથા મુજબ નહીં) મહાત્મા ગાંધીએ તો જાહેર જીવનની પોતાની અણિશુધ્ધતા જ દર્શાવી આપી છે. સમાજકારણ કે રાજકારણમાં કુટુંબવાદ કે સગાવાદને બાપુએ પોતાના પુત્રના ભોગે પણ પોષ્યો ન હતો એમ હરિલાલ અને તેમના ઉભા થયેલા ખાટાં સંબંધોમાં સ્પષ્ટ થાય છે.'

**(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)**

# ડૉ. કનૈયાલાલ ભટ્ટના કાવ્યસંગ્રહ 'મંત્રોચ્ચાર'નો લોકાર્પણ

વૃત્તસંચય

● ઈન્ડિયન નેશનલ થિયેટર, મુંબઈ અને આદિત્ય બિરલા સેન્ટર ઑફ પર્ફોમિંગ આર્ટ્સ એન્ડ રીચર્સ, મુંબઈ દ્વારા એનાયત કરવામાં આવતા સાહિત્ય પુરસ્કારો માટે આ વખતે રઈશ મણિયાર અને ભાવિન ગોપાણીની પસંદગી થતાં, તા. ૬-૮-૨૦૧૬ના રોજ ભારતીય વિદ્યા ભવન, ચોપાટી, મુંબઈ ખાતે વિશેષ કાર્યક્રમનું આયોજન કરીને, રઈશ મણિયારને 'કલાપી એવોર્ડ' અને ભાવિન



ગોપાણીને 'શયદા પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યા.

● માતૃભાષા ગુજરાતીનું ગૌરવ અને મહિમા કરવાના શુભ આશયથી 'ત્રિદલ' સંસ્થા દ્વારા વર્ષ ૨૦૧૬ની ધો-૧૦ તથા ધો-૧૨ની જાહેર પરીક્ષાઓમાં ગુજરાતી વિષયના ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત કરનાર, ગાંધીનગર જિલ્લાના પ્રથમ ત્રણ તેજસ્વી વિદ્યાર્થીઓનું તથા ગુજરાતી વિષય શીખવનાર શિક્ષકનું તેમજ જે તે શાળાનું જાહેર અભિવાદન તા.૨૭-૮-૨૦૧૬ને શનિવારના રોજ, સવારે ૯.૩૦ વાગે બ્રહ્માણી કૃપા હૉલ, ફાર્મસી કૉલેજ કમ્પાઉન્ડ, કડી સાર્વજનિક કેળવણી મંડળ, સેકટર-૨૩, ગાંધીનગર ખાતે કરવામાં આવશે. શિક્ષણ, સાહિત્ય અને સમાજના સહજ સમન્વય અર્થે પ્રેરકરુપ બની, માતૃભાષા ગુજરાતી માટે ગૌરવ દાખવવા 'ત્રિદલ' ના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીએ જણાવ્યું છે.

● રવિશંકર રાવળ કલાભવન, અમદાવાદ ખાતે ગાંધીનગર સાહિત્ય સભાના સભ્ય અને નગરના જાણીતા સાહિત્યકાર - કવિ ડૉ. કનૈયાલાલ ભટ્ટના ચોથા કાવ્યસંગ્રહ 'મંત્રોચ્ચાર'નો લોકાર્પણ અને વિમોચન કાર્યક્રમ, ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને કવિશ્રી ભાગ્યેશ જહાના અધ્યક્ષસ્થાને અને ગુજરાતી ભાષાના જાણીતા કવિ ચિનુમોદીના વરદ્ હસ્તે તાજેતરમાં યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં અતિથિ તરીકે જાણીતા કવિઓ રાજેન્દ્ર શુક્લ અને માધવ રામાનુજની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમની શરુઆતમાં પ્રાર્થના અભિનેત્રી નિધિ ઉપાધ્યાયે કરી હતી અને કાર્યક્રમની ભૂમિકા અને શાબ્દિક સ્વાગત ડૉ. ધૈવત શુક્લએ કર્યું હતું. ત્યારબાદ મહેમાનું પુસ્તક પુષ્પથી સ્વાગત ડૉ. કિરીટ શુક્લ, સંજય થોરાત, ડૉ. કમલેશ પરમાર અને અરવિંદ ટાંક દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ જાણીતા સર્જક રાઘવજી માધડે કરી હતી, જયારે સમગ્ર સમારોહનું સંચાલન 'ગુજરાત' દીપોત્સવી અંકના સંપાદક પુલક ત્રિવેદીએ કર્યું હતું.

આ સમારોહમાં કવિ કૃષ્ણ દવે, પ્રવીણ ગઢવી, ડૉ. કિરીટ શુક્લ, હરદ્વાર ગોસ્વામી, મનીષ પાઠક, કિશોર જીકાદરા, ડૉ. ભગવાનદાસ પટેલ, ડૉ. કમલેશ પરમાર, અંજના બારોટ, અરવિંદ ટાંક, સંજય થોરાત, ભરત કવિ, પ્રજ્ઞા પટેલ, સલીમ શેખ, ડૉ. પ્રહ્લાદ ચૌધરી, પરિમલ દેસાઈ, હસમુખ ગોવાણી (ધ્રાંગધ્રા), ફિલ્મ અભિનેતી રીયા મહેતા, રક્ષા શુક્લ, બિપીન પંડ્યા 'ચિહ્ન', કિરીટભાઈ ડગલી (સુરેન્દ્રનગર), મહેન્દ્ર પ્રજાપતિ, ભરત ત્રિવેદી, સંજય પુરોહિત, પિયુષ પટેલ તથા અનેક સાહિત્યકારો અને ભાવકો ઉપસ્થિત રહ્યા હતા. કવિ ડૉ. કનૈયાલાલ ભટ્ટને ખૂબ ખૂબ અભિનંદન સહ, અંતરની શુભેચ્છાઓ.

**સાહિત્ય વૃત્ત**
મૂળજીભાઈ પરમાર 'દધિ'

● મહાશ્વેતા દેવીનો જન્મ ઢાકામાં, તા. ૧૪મી જાન્યુઆરી, ૧૯૨૬ના રોજ, ઋત્વિક ઘટક, શંખો ચૌધરી જેવા કલાવારસો ધરાવતા કુટુંબમાં થયો હતો.

નવલકથા 'ઝાંસીર રાણી' - ૧૯૫૬થી પોતાની સર્જનયાત્રાનો આરંભ કરનાર મહાશ્વેતા દેવીએ - અરણ્યેર અધિકાર (૧૯૭૭), અગ્નિગર્ભ (૧૯૭૮), ચોટી મૂંડા એવમ્ તાર તીર (૧૯૮૦), ઈમેજીનરી મેપ્સ (૧૯૯૫), અવર નોનવેજ કાવ (૧૯૯૮), ધ બુક ઑફ ધ હંટર (૨૦૦૨), આઉટ કાસ્ટ (૨૦૦૨), આફટર કુરુક્ષેતર, થ્રી સ્ટોરીઝ - ૨૦૦૫ અને પાંચ નાટકો - મધર ઓફ ૧૦૮૪, આઝિર, ઉર્વશી ઓ જહોની, બાયેન અને વોટર આપ્યાં છે. ઉપરાંત નવલકથાઓ, ટૂંકી વાર્તાઓ, નાટકો અને બાળસાહિત્ય ઉપરાંત અંગ્રેજી અને બંગાળી દૈનિકોમાં પોતાના સર્જકનો વ્યાપ વધારી, 'બોર્તિકા' નામના સામયિકનું તંત્રીપદ પણ સંભાળ્યું હતું. વર્ષ ૧૯૯૮માં ગોવિંદ નિહલાની એ તેમની કૃતિ પરથી 'હજાર ચૌરાસી કી મા' ફિલ્મ બનાવી હતી. વર્ષ ૧૯૯૩માં કલ્પના લાઝમીએ પણ તેમની નવલકથા પરથી એવોર્ડ વિજેતા 'રુદાલી' ફિલ્મ બનાવી હતી. આ ઉપરાંત અંગ્રેજી અને ઈટાલિયન ફિલ્મ નિર્માતાઓએ પણ ફિલ્મો બનાવી હતી. આવાં, તમામ પુરસ્કારોની રકમ આદિવાસીઓ અને વંચિતો માટે ખર્ચી કાઢનાર, સંપૂર્ણ વ્યક્તિત્વ ધરાવતાં મહાન સન્નારી મહાશ્વેતાજીને શ્રદ્ધાસુમન અર્પણસહ, એમના કર્મસૌંદર્યને શ્રદ્ધાતિલક.

● વિશ્વકક્ષાએ ભારતીય કલાને નવી ઊંચાઈ પક્ષનાર સૈયદ હૈદર રજા (એસ.એચ.રઝા) નું અવસાન તા.૨૩મી જુલાઈ, ૨૦૧૬ના રોજ થયું ત્યારે, કલાદેવી સરસ્વતીના ભાલ પરનું 'બિંદુ' ઝાંખુ પડ્યું હોય તેવું કલાજગતે અનુભવ્યું.

બાબરિયા, મધ્યપ્રદેશમાં ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના રોજ જન્મેલા, મહાન કલાકાર રઝા, કલાનગરી પેરિસમાં ૧૯૫૦માં સ્થાયી થયા હતા. ભારતીય પરંપરિત કલાપ્રતીકો અને રંગવિધાનને પોતાની કલામાં સ્થાન આપનાર આ કલાકારની 'બિંદુ' શ્રેણી ખૂબ જ પ્રસિદ્ધિ પામેલ છે. તેમને 'પદ્મશ્રી', 'પદ્મભૂષણ' અને 'પદ્મવિભૂષણ' થી નવાજીને ભારત સરકારે એમની કલાયાત્રાને સન્માનિત કરી છે. તેમની અમૂર્ત કલામાં તેઓ ભારતીય તત્ત્વજ્ઞાનને વણી લેતા હતા. ૨૦૧૦માં એમનું 'સૌરાષ્ટ્ર'નામનું ચિત્ર ૧૬.૪૨ કરોડ જેટલી મોટી રકમથી વેચાયેલું. એમની આ કલાયાત્રાને ભાવાંજલિ સહ શ્રદ્ધાસુમન અર્પણ.

muljibhaidadhi@gmail.com